This Question Paper consists of **13** questions and **8** printed pages.
આ પ્રશ્નપત્રમાં **13** પ્રશ્નો અને **8** મુદ્રિત પાનાં છે.

**Roll No.** અનુક્રમાંક | | | | | | | | | | | | |

**Code No.** કોડ સંખ્યા **62/SS/N/G**

**Set**/સેટ **A**

# GUJARATI
# ( ગુજરાતી )
# (307 - G)

**Day and Date of Examination :**
(પરીક્ષાનો દિવસ અને તારીખ) ____________________

**Signature of Invigilators :**
(નિરીક્ષકોના હસ્તાક્ષર)
1. ____________________
2. ____________________

**સામાન્ય સૂચના :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિન્હ લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. **(A), (B), (C)** અથવા **(D)** માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.
5. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **62/SS/N/G-A** લખવી.

# GUJARATI

# ( ગુજરાતી )

# (307-G)

Time : 3 Hours ] [ Maximum Marks : 100

સમય : 3 કલાક ] [ અધિકતમ ગુણ : 100

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.

(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.

(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

## વિભાગ - 1

**1.** નીચેના કાવ્યનું રસાસ્વાદન કરાવો : **4**

દ્રવ્ય દેખીને મુનિવર ચલે દ્રવ્યે દેખી સહુ લોભે ભલે,
દ્રવ્ય દેખીને કરે બહુ પ્રીત દ્રવ્યે દેખી ચાલે સહુ રીત.
દ્રવ્ય લાભ ને દ્રવે હાણ દ્રવ્યે આસ આસંક ને આણ,
દ્રવ્ય જીવ જયે ને રહે દ્રવ્યે ઘેલાને ડાણે કહે.
દ્રવ્ય કાયર દ્રવે સૂર દ્રવ્યે મેલો ને દ્રવે નૂર,
દ્રવ્ય શત્રુને દ્રવેથી મિત્ર દ્રવ્યે નીચને દ્રવે પવિત્ર.

**અથવા**

હજી મારા દેશે જન કંઈ કરોડો નિવસતાં
ઘરે એવાં-જેની ઉપર તૃણ છાયું, ન નળિયાં.
હજી મારા દેશે મનુજ કંઈ કોટિ નવ શકે
તનો ઢાંકી પૂરાં, શિશિર મહીં લંગોટી બદને.
સૂકી ડાળો, કાંટા સીમ મહીં ય ખુલ્લે પગ વીણી
ઉડાડે ઠંડીને પછી સમૂહમાં તાપણું કરી.
હજી મારા દેશે ધગધગ થતા ગ્રીષ્મ પ્રહરે
સૂકા કૂવે શોધે જળ, મનુજ આ કંઈ અધમૂખ્યાં.

**2.** નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો : **4**

(i) મીરાંબાઈ વૈરાગી છે છતાં તેમને બધાં ઘરેણાંની જાણ કઈ રીતે છે ?

(ii) મંગલમ્ કાવ્યનો મુખ્ય વિચાર કયો છે ?

(iii) 'દાંત રૂડા દીસે છે હસતાં રે, હીરા તે જ કરે જ્યમ કસતાં રે' - એ પંક્તિમાં કયો અલંકાર છે ? એવું શા ઉપરથી કહી શકાય ?

(iv) દામોદર દોશી પોતાની સાથે શેની ગાંઠડીઓ લાવ્યા છે ?

3. નીચેનામાંથી કોઈ બે પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. **2**

(i) મીરાંબાઈની પ્રભુભક્તિને શું નામ આપવામાં આવે છે ?

(ii) શામળશા શેઠની સાથે કયા સાતા વાણોતર છે ?

(iii) કવિનો પોતાના ઘર તરફનો રસ્તો વિજન કે નિર્જન શા માટે છે ?

(iv) 'વિરાટ ખોલી નિજ તેજ આંખ' પંક્તિમાં 'નિજ'નો અર્થ શો છે ?

4. નીચેનામાંથી ગમે તે બે પ્રશ્નોના ઉત્તર આપો : **8**

(i) છકડો દોડતો રહે તો ગિલાનું નસીબ કઈ રીતે દોડતું રહે ?

(ii) રાજીમા શા માટે પોતાનું ગામ છોડવા રાજી નથી ?

(iii) સાગર કિનારે બેસીને ગોપાલ, રવિભા અને ચિત્રકાર શેની ચર્ચા કરે છે ?

(iv) રાણી માછીમારોને વ્હેલ અને શાર્ક ન પકડવા કઈ રીતે સંમત કરે છે ?

5. નીચેનામાંથી ગમે તે ત્રણ પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો : **6**

(i) 'ચાવી' ના ચિત્રની સામે સુલતાને કોનો મોબાઈલ નંબર લખ્યો છે ?

(ii) ધારો કે રાજીમાએ પત્ર લખાવ્યો હોત તો 'કાયા તમારી રાખજો રૂડી ગરીબની ઈ જ છે મૂડી' એમ લખાવ્યું હોત ? કારણ આપો.

(iii) કોંક દી આપડોય ફોટો ટીવીમાં આવે તો વટ પડી જાય એવો વિચાર કોને આવેલો ?

(iv) ખોડુભાને ભાવનગર જવાનું શા કારણે થયું ?

(v) ડોહાના ચહેરાનો રંગ શા કારણે ઊઘડ્યો ?

6. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. **10**

(i) અબળા શબ્દનો શો અર્થ થાય ?

(A) આંબળાં
(B) શક્તિ વિનાની સ્ત્રી
(C) શક્તિ વિનાનો પુરૂષ
(D) શક્તિ વિનાનું બાળક

(ii) 'અણવટ' નામનું ઘરેણું સ્ત્રીઓ કયા અંગ ઉપર પહેરે છે ?

(A) નાકે
(B) કાને
(C) પગના અંગૂઠામાં
(D) હાથની આંગળીમાં

(iii) 'ત્રિભુવન' શબ્દનો સમાસ કયો ગણાય ?

(A) બહુવ્રીહિ (B) દ્વન્દ્વ

(C) તત્પુરૂષ (D) દ્વિગુ

(iv) શ્રી વિષ્ણુ (દામોદર દોશી) ની સાથે સેવક તરીકે નીચેનામાંથી કોણ નથી આવ્યું ?

(A) નારદ (B) નંદ

(C) સુનંદ (D) ગરૂડ

(v) શામળશા શેઠ શું થયા છે ?

(A) બજાજ (B) શરાફ

(C) ખજાનચી (D) નાણાવટી

(vi) ગિલાને ઘેર સૌથી પહેલું શું ખરીદાઈને આવ્યું ?

(A) ટેપ (B) ઈસ્ટીલનું બેડું

(C) ઈસ્ટીલનું સ્ટેન્ડ (D) કલર ટીવી

(vii) 'ડંડાવાળા છકડાને ભાવનગરની માલીપા નો જાવા દે.' એ વાક્યમાં ડંડાવાળા એટલે કોણ ?

(A) ગુંડાઓ (B) મવાલીઓ

(C) પોલીસો (D) સાધુઓ

(viii) રાજીમાને ઘેર કુલ કેટલાં ઢોર હતાં ?

(A) છ (B) નવ

(C) બાર (D) પંદર

(ix) 'નસીબ' શબ્દનો નીચેનામાંથી કયો અર્થ બરાબર નથી ?

(A) દૈવ (B) પ્રારબ્ધ

(C) ભાગ્ય (D) દેવ

(x) કાદરને કોણ પકડી ગયું છે ?

(A) પોલીસો (B) એસઆરપી

(C) આતંકીઓ (D) પાકિસ્તાની મિલિટરીવાળા

## વિભાગ - 2

7. નીચે આપેલા પરિચ્છેદનું એક તૃતીયાંશ શબ્દોમાં સંક્ષેપીકરણ કરો. **10**

સ્ત્રી અને પુરૂષ આ મુસાફરી જેવા જીવનમાં એક સાથે પ્રવાસ કરતા માણસો છે. ગીત ગાનાર અને વાજિંત્ર વગાડનારમાં જો સુમેળ ન હોય તો એ તાલબદ્ધ અને કર્ણ પ્રિય હોતું નથી એમ પતિ અને પત્ની વચ્ચે સુમેળ ન હોય તો જીવન સંવાદી હોતું નથી. બંનેની પાસે અરસપરસ બંને જણાં વર્તન અને વ્યવહારની બાબતમાં તદ્દન ચોખ્ખાપણું ઈચ્છે છે. પરંતુ જો પતિ પત્નીને વફાદાર રહેવા તૈયાર ન હોય તો પત્ની પણ પતિને વફાદાર રહેવા બંધાયેલી નથી. જગતનો નિયમ છે કે કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એનું જોઈને સામેની વ્યક્તિ પણ તેની સાથે એ જ રીતે વર્તે. પત્નીનું મૃત્યુ થતાં જો પતિ તેની સાથે બળી મરતો નથી તો પતિનું મૃત્યુ થતાં પતિની સાથે એ જ ચિતામાં પત્ની બળી મરે એવી યુગોથી ચાલતી આવતી આ સમાજની પરંપરા ખરે જ પાગલપણું છે.

**અથવા**

ઓછી શક્તિવાળાં, મૃદુ ક્ષ-કિરણો શરીરના સ્નાયુઓમાંથી પસાર થઈ શકે છે પણ હાડકાંમાંથી પસાર થઈ શકતાં નથી. આથી ક્ષ-કિરણો વડે હાડકાંના ફોટોગ્રાફ લઈ શકાય છે અને હાડકામાં તિરાડ ક્યાં છે તે જોઈ શકાય છે. તે ધાતુમાંથી પસાર થઈ શકતાં નથી તેથી શરીરમાં છુપાયેલો ધાતુનો ટુકડો તેના વડે શોધી શકાય છે. દરદીને બેરિયમ પીવડાવી ક્ષ-કિરણોથી તેના આંતરડાના રોગોનું નિદાન કરી શકાય છે. તેનો ઉપયોગ કેન્સરના ઉપચારમાં પણ થાય છે. ધાતુના કાસ્ટિંગમાં તિરાડ છે કે કેમ તે પણ ક્ષ-કિરણોની મદદ થી જાણી શકાય છે.

## વિભાગ - 3

8. નીચેના પ્રશ્નોમાંથી ગમે તે ચાર પ્રશ્નોના ઉત્તર આપો : **16**

(i) 'દીવો ના બૂઝે' જીવનકથામાં વર્ણવાયેલી ગમે તે બે કુરૂઢિઓ વર્ણવો.

(ii) પ્રમોદબાના પિતાએ મિલમજૂર સાથે પોતાની દીકરીને પરણાવવાનો નિર્ણય ક્યાં કારણોસર કર્યો ?

(iii) આજે પણ જમણવારના રિવાજ પાછળ કઈ સામાજિક ગણતરી હોય છે ?

(iv) ગૃહ ઉદ્યોગ તરીકે અથાણાં-પાપડ-મસાલાનો વ્યવસાય મહિલાઓને આર્થિક રીતે પગભર કરવામાં કઈ રીતે મદદરૂપ થાય ?

(v) સાદગીથી જીવવાની પાછળ કઈ વિચારધારા ઉપયોગી થાય એવી છે ?

(vi) મશરૂવાળા અને કેદારનાથના કયા વિચારો આજના યુવાનોને પણ ઉપયોગી થાય તેવા છે ?

9. નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણના એક-બે વાક્યમાં જવાબ લખો : **6**

(i) ડૉક્ટર દાદાજી સેવાભાવી હતા તેનો એકાદ પ્રસંગ લખો.

(ii) 'ગુરૂ થા તારો તું જ' નો લેખક શો અર્થ કરે છે ?

(iii) પ્રમોદબા સવારમાં ઊઠે ત્યારથી શું શું ગાતાં ?

(iv) સંગીતના જલસામાં બાપુજીની હાજરી કેમ વધવા માંડી ?

(v) નાની ઉંમરની ખાદી પહેરતી કિશોરીઓ તરીકેનું બહુમાન બાને કોને હાથે મળેલું ?

**10.** નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો : **10**

(i) 'દીવો ના બૂઝે' ના લેખકના નાનપણના ઘરમાં કેવાં પુસ્તકો હતાં ?

(A) નરસિંહ-મીરાંનાં પદોનાં (B) શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનનાં

(C) વિજ્ઞાનની સાહસ કથાઓનાં (D) બાળકોનાં, રાષ્ટ્રભક્તિનાં, ધાર્મિક

(ii) પ્રમોદબાએ નાના દીકરાના મિત્રએ લગ્ન સમયે કરેલો કયો સુધારો વખાણ્યો હતો ?

(A) અખા-ત્રીજે પરણ્યો તે (B) હોળીના દિવસે પરણ્યો તે

(C) કાળી ચૌદસને દિવસે પરણ્યો તે (D) વસંત-પંચમીએ પરણ્યો તે

(iii) માણસને શા માટે શુકન-અપશુકન, જ્યોતિષ વગેરેમાં માનવાનું મન થાય છે ?

(A) કારણ કે શાસ્ત્રોમાં લખેલું છે. (B) કારણ કે ઈશ્વરમાં અને પોતાની જાતમાં શ્રધ્ધાનો અભાવ છે.

(C) કારણ કે સામાજિક પ્રતિષ્ઠા મળે છે. (D) કારણ કે જ્યોતિષીઓ કમાઈ શકે.

(iv) ડૉક્ટર દાદાજીની જમીનનો બધો વહીવટ કોણ કરતું હતું ?

(A) ફકીરાભાઈ (B) આનંદભાઈ

(C) દાદાજી પોતે (D) પ્રમોદ બા

(v) પ્રમોદ બાની હાજરીથી લેખકની પત્નીની સ્વતંત્રતા ઉપર શા કારણે કાપ આવતો ?

(A) સાસુ તરીકે એ કોઈને સ્વતંત્ર થવા દેતાં નહીં.

(B) ઘરની બધી બાબતોમાં સતત માથું મારવાની તેમને ટેવ હતી.

(C) ઘરની વહુ ગુલામ હોય તે બાને ગમતું.

(D) બા લોકશાહીમાં માનતાં હતાં.

(vi) 'ઉંબર મૂકી ડુંગર પૂજ્યો' નો શો અર્થ થાય ?

(A) નજીકનું પોતાનું છોડી દૂરના પારકાનાં વખાણ કરવાં, સેવા કરવી.

(B) ડુંગરની પૂજા કરવી.

(C) પોતાનાંને પારકાં કરવાં.

(D) પારકાંને પારકાં જ રાખવાં.

(vii) પ્રમોદબાનું અવસાન કઈ રીતે થયું ?

(A) કોલેરાથી (B) મેસિવ હાર્ટએટેકથી

(C) મેલેરિયાથી (D) શરદીથી

(viii) લેખકે પોતે બાની સાથે બેસ્વાદ ખાવાનું શા માટે શરૂ કર્યું ?

(A) લેખકને સ્વાદની પરવા ન હતી. (B) ઘડપણને કારણે

(C) માંદગીને કારણે (D) દાખલો બેસાડવા

(ix) 'ઈતના તુ કરના સ્વામી' ભજન બાને શા માટે પ્રિય હતું ?

(A) કારણ કે તેમાં તેમના ભૂતકાળની વાતો હતી.

(B) કારણ કે તે વિદ્યા નંદજીએ લખેલું હતું.

(C) કારણ કે તે દાદાજીને પ્રિય હતું.

(D) કારણ કે તેમાં જીવનના સુખમય અંત વિશેની શુભપ્રાર્થના હતી.

(x) શિક્ષક તરીકે સ્ત્રી વધુ સફળ થઈ શકે તેવું લેખક શા કારણે માને છે ?

(A) કારણ કે સ્ત્રીઓ વધુ બોલકી હોય છે.

(B) સ્ત્રીઓમાં મમતા અને ધીરજના ગુણ વિશેષ હોય છે.

(C) સ્ત્રીઓ બાળકોને વધુ સમય આપી શકે.

(D) સ્ત્રીઓ વધારે લાયકાત ધરાવતી હોય છે.

## વિભાગ - 4

**11.** નીચેનામાંથી ગમે તે એક વિષય વિશે ચારસો શબ્દોમાં નિબંધ લખો ? **7**

(i) ખાડો ખોદે તે પડે

(ii) પંદરમી ઓગસ્ટની ઉજવણી

(iii) ચાંદની રાતે નૌકાવિહાર

(iv) મારા સપનાનું ભારત

**12.** સરહદ ઉપર શહીદ થયેલા તમારા ગામના જવાનની શ્મશાનયાત્રાનો અહેવાલ તૈયાર કરો. **7**

**અથવા**

પતંગ મહોત્સવનો અહેવાલ તૈયાર કરો.

**13.** સૂચના મુજબ ઉત્તર આપો. **10**

(i) મહા મહેનતે સ્વતંત્રતા મળી છે. **1**

(વાક્યમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવો.)

(ii) બાળ ઉછેર, આવન જાવન, સહનશક્તિ **2**

(ગમે તે બે સમાસ ઓળખાવો)

(iii) માથું મારવું, આંખ કાઢવી **2**

(બંને રૂઢિપ્રયોગોના અર્થ લખો.)

(iv) અમે મેદાનમાં રમતા. **2**

(રેખાંકિત શબ્દની વિભક્તિ ઓળખાવો અને તે શું સૂચવે છે તે લખો.)

(v) સવારે સૂરજ ઊગ્યો. **1**

(વાક્યમાં ક્રિયા સૂચવાય છે કે પ્રક્રિયા ?)

(vi) બજારમાંથી મારે માટે એક પેન ખરીદતા આવશો ? **1**

(વાક્યનો પ્રકાર જણાવો)

(vii) ઝડપથી ચાલો અને ઊંડા શ્વાસ લો. **1**

(વાક્યમાંથી વિશેષણ અને ક્રિયાવિશેષણ શોધીને લખો.)

- o O o -